## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




આટલો બધો ભાવ ન બતાવ... હું સાચો યોગી છું... મુખ્યપ્રધાન થવાની કોઈ શક્યતા નથી...!!

# ધો-૧૦માં સમાજશાસ્ત્રનુ પેપર એકંદરે સરળ, વિભાગ-સી લેન્ધી પુરવાર થયો

### પાંચ સાત એમ.સી.ક્યુ. ટ્વિસ્ટ કરીને પુછાયા : વિભાગ-બીના પ્રશ્નો અત્યંત સરળ

ગાંધીનગર તા ૨૨

ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓએ આજે સમાજશાસ્ત્ર વિષયની પરીક્ષા આપી હતી. જિલ્લામાંથી ૨૫૮૫૭ વિદ્યાર્થીઓએ આ પરીક્ષામાં હાજરી આપી હતી. જયારે ૪૩૨ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. સમાજશાસ્ત્રનુ પેપર પ્રમાણમાં સહેલુ અને પાઠ્યપુસ્તક આધારિત નિકળતા પ્રશ્નપત્ર પરીક્ષાર્થીઓ માટે સરળ સાબિત થયુ હતુ. પરંતુ કેટલાક એમ.સી.ક્યુ. ટવિસ્ટ કરીને પુછાયા હતા. જયારે વિભાગ-સી ના પ્રશ્નોના જવાબ આપવાનુ પણ લેન્ધી પુરવાર થતા પરીક્ષાર્થીઓને નિયત સમયમાં પેપરના પ્રશ્નોનો જવાબ આપવાનુ અઘરુ બન્યુ હતુ.

ધોરણ-૧૦ માં ગણિત બાદ સમાજશાસ્ત્રની પરીક્ષા પણ સરળ રહી હતી. ગણિતનુ પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો. જયારે આજે સમાજશાસ્ત્રની પરીક્ષા પણ વિદ્યાર્થીઓ માટે એકંદરે સરળ પુરવાર થઈ હતી. સમાજશાસ્ત્ર વિષયની પરીક્ષામાં જિલ્લામાંથી ૪૩૨ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. જયારે જિલ્લામાંથી નોંધાયેલા ૨૬૨૮૯ પૈકી ૨૫૮૫૭ વિદ્યાર્થીઓએ સમાજશાસ્ત્રની પરીક્ષા આપી હતી. પરીક્ષા દરમિયાન ગેરરીતીનો એક પણ કિસ્સો નોંધાયો ન હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે. સમાજશાસ્ત્રના પેપર અંગે કિશોર કલાસીસના વિષય નિષ્ણાંત અલ્કેશ ત્રિવેદીએ જણાંવ્યુ હતુ કે પેપરના એમ સી કયુના પ્રશ્નો પૈકી ૭ જેટલા પ્રશ્નો ટવિસ્ટ કરીને પુછાયા હતા. જેના લીધે વિદ્યાર્થીઓએ આ પ્રશ્નોનો ઉત્તર આપવામાં સમય લાગ્યો હતો. જયારે વિભાગ બી અત્યંત સરળ રહયો હતો. જયારે વિભાગ સી માં પુછાયેલા પ્રશ્નો એકંદરે લાંબા હોવાથી પરીક્ષાર્થીઓને જવાબ આપવામાં સમય લાગ્યો હતો. અલબત્ત પુસ્તકનો સંપુર્ણ અભ્યાસ હોય તેવા વિદ્યાર્થીઓને પ્રશ્નોનો જવાબ આપવામાં સરળતા રહે તેવા પ્રશ્નો પુછાયા હતા. જો કે સમાજશાસ્ત્રની પરીક્ષા એકંદરે વિદ્યાર્થીઓ માટે સરળ પુરવાર થઈ હતી. જેના લીધે પરીક્ષાર્થીઓએ હાંશકારો અનુભવ્યો હતો.

## ધો-૧૨ અંગ્રેજીમાં ભારત એક લોકશાહી રાષ્ટ્ર અને અવકાશમાં ભારતીય ઉપગ્રહો અંગે નિબંધ પુછાયો

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓએ આજે અંગ્રેજી વિષયની પરીક્ષા આપી હતી. જિલ્લામાંથી ૬૦૪૭ પરીક્ષાર્થીઓ હાજર રહયા હતા. જયારે ૧૩૩ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. અંગ્રેજીનુ પેપર સરળ અને પાઠ્યપુસ્તક આધારિત હતુ. ભારત એક લોકશાહી રાષ્ટ્ર અને અવકાશમાં ભારતીય ઉપગ્રહો વિષય અંગે નિબંધ પુછાયો હતો.

ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગણિત વિષયની પરીક્ષા બાદ વિદ્યાર્થીઓએ અંગ્રેજીની પરીક્ષા આપી હતી. અંગ્રેજીની પરીક્ષા માટે જિલ્લામાંથી નોંધાયેલા ૬૧૮૦પૈકી ૬૦૪૭ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં હાજરી આપી હતી. આ અંગે સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના વિષય નિષ્ણાંત મૌલિક શુક્લએ જણાંવ્યુ હતુ કે અંગ્રજીનુ પેપર એકંદરે સરળ હતુ. પેપર બાર્ડના સુચિત માળખા આધારિત હતુ જયારે પાર્ટ એ અને બીમાં પાઠ્ય પુસ્તક આધારિત પ્રશ્નો પુછાયા હતા. મેડિકલ રીપ્રેઝન્ટેટીવની પોસ્ટ માટે અરજીનો પ્રશ્ન પુછાયો હતો. જયારે પાણીની તંગી અંગે મ્યુનિ કમિશ્નરને ફરિયાદ કરતા પત્રનુ લેખનનો પ્રશ્ન પુછાયો હતો. શાળામાં રમતોત્સવની ઉજવણીનો અહેવાલ પુછાયો હતો. જયારે ભારત એક લોકશાહી રાષ્ટ્ર અને અવકાશમાં ભારતીય ઉપગ્રહો અંગે નિબંધ પુછાયો હતો. પાઠ્ય પુસ્તક આધારિત પ્રશ્નો હોવાથી વિદ્યાર્થીઓ સરળતાથી જવાબ આપી શક્યા હતા.

# ઓવરલોડ વાહનો બદલ ૭૪ લાખનો દંડ વસુલવામાં આવ્યો

### શૈક્ષણિક પછાત અનુસૂચિત જાતિની ૬૫૮૨ વિદ્યાર્થીનિઓને સાયકલ

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત અનુસુચિત જાતિની કેટલી વિદ્યાર્થીનિઓને સાયકલ સહાય આપવામાં આવી ? દહેગામના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ જણાંવ્યુ હતુ કે જિલ્લાની ૬૫૮૨ વિદ્યાર્થીઓને સાયકલ આપવામાં આવી છે. જયારે આ સાયકલની કિંમત કેટલી થાય તેવા પેટા પ્રશ્નના જવાબમાં જણાંવાયુ હતુ કે એક સાયકલની કિંમત ૨૭૯૩ રૂપિયા જેટલી થાય છે. જયારે વિદ્યાર્થીનિઓને સાયકલ આપવા પાછળ રૂ ૧.૮૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

### પંડિત દિન દયાળ યોજના અન્વયે ૨૨૭ લાભાર્થીઓને ૫૭ લાખની સહાય

જિલ્લામાં પંડિત દિન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ વર્ષ ૨૦૧૬-૧૭ માં કેટલા લાભાર્થીઓની અરજી આવી તેમજ આ અન્વયે કેટલા લાભાર્થીઓને સહાય ચુકવવામાં આવી ? તેવા પ્રશ્નના



**વિધાનસભામાં ગાંધીનગર** - ધનંજય જોષી

જવાબમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ જણાંવ્યુ હતુ કે આ મામલે ૩૦૮ અરજીઓ મળી છે. જયારે આ પૈકી ૨૨૭ અરજીઓ મંજુર કરવામાં આવી છે. વધુમાં લાભાર્થીઓને રૂ ૫૭.૪૭ લાખની સહાય ચુકવવામાં આવી છે.

### ૬૯૬ લાભાર્થીઓમાંથી ૬૪૩ લાભાર્થીઓને સહાય ચુકવાઈ

ગાંધીનગર જિલ્લામાં કુંવરબાઈનુ મામેરુ અને સાતફેરા સમુહ લગ્ન યોજના અન્વયે કેટલા લાભાર્થીઓને સહાય ચુકવાઈ અને કેટલા કિસ્સામાં સહાય ચુકવાની બાકી છે. ? કલોલના બળદેવજી ઠાકોરના પ્રશ્નના જવાબમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ જવાબમાં જણાંવ્યુ હતુ કે જિલ્લામાં કુંવરબાઈના મામેરા યોજના અન્વયે ૬૯૬ લાભાર્થીઓની અરજીઓ મળી હતી. જયારે આ પૈકી ૬૪૩ લાભાર્થીઓને સહાય ચુકવવામાં આવી છે. આ ઉપરાંત સાતફેરા સમુહલગ્ન યોજના અન્વયે ગાંધીનગરમાંથી મળેલી ૨૦૭ યુગલોની અરજીઓ અન્વયે ૧૯૩ યુગલોને સહાય ચુકવાઈ છે. આ પૈકી એકપણ કિસ્સામાં સહાય ચુકવાની બાકી નથી.

### ઓવરલોડ વાહનો બદલ ૭૪ લાખનો દંડ વસુલવામાં આવ્યો

જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન ક્યા પ્રકારના કેટલા ઓવરલોડ વાહનો પકડવામાં આવ્યા ? દહેગામના ધારાસભ્ય કામિનીબા રાઠોડે પુછેલા પ્રશ્નના જવાબમાં વાહન વ્યવહાર મંત્રીએ જણાંવ્યુ હતુ કે ૧૩૯૧ ડમ્પર તેમજ ૪૬ ટ્રેકટર અને ટ્રેઈલર સહીત કુલ ૧૪૩૭ ઓવરલોડ વાહનોને પકડવામાં આવ્યા હતા. જયારે આ ઓવરલોડ વાહનોના માલિકો પાસેથી રૂ ૭૪૦૩૬૧૦ નો દંડ વસુલવામાં આવ્યો છે.

# સ્ટ્રીટ લાઈટોની ફરિયાદનું નિરાકરણ નહિ આવે તો આંદોલન કરીશુ : પીન્કીબેન

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટને મુદ્દે તંત્ર દ્વારા ગંભીરતા દાખવવામાં આવતી નથી અને પ્રજા હેરાન થાય તે રીતે ટોપી ફેંકની રમત રમાડવામાં આવતી હોવાનો ગંભીર આક્ષેપ કોંગીના કાઉન્સીલર પીન્કીબેન પટેલે કર્યો છે.

શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેતી હોવાની ફરિયાદો સતત વધી રહી છે ત્યારે તંત્ર દ્વારા જે પ્રજાને હેરાનગતિમાં વધારો થાય તેવા દાખવવામાં આવી રહેલા વલણ સામે આગામી દિવસોમાં આંદોલનાત્મક કાર્યક્રમ આપવાની ફરજ પડશે તેમ પણ તેમણે જણાવ્યુ છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૬ના કાઉન્સીલર પીન્કીબેન આર. પટેલ એક અખબારી યાદીમાં જણાવેલ છે કે ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટ તથા સેક્ટરોની રોડ લાઈટમાં સરકારના ધાંધીયા, લાલીયાવાડી ચાલે છે, હાલમાં આર એન્ડ બી વિભાગ દ્વારા નવી એલઈડી

● અનુસંધાન પાના - ૭ પર

# પૂર્ણકાલીન કાર્યકર્તાઓની મહેનતથી યુ.પી.નું પરિણામ ભાજપને મળ્યુ છે : શુકલા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા ભાજપની વિસ્તારકોની હાજરીમાં મળેલ એક વિશેષ બેઠકમાં ચૂંટણી માટે કામે લાગી જવાની હાકલ કરવામાં આવી છે.

વિસ્તારક યોજનાના જિલ્લા ઈન્ચાર્જ રાજુભાઈ શુકલાએ જણાવ્યુ હતુ કે ભાજપના પૂર્ણ કાલીન કાર્યકર્તાઓની મહેનત યુ.પી.ના ચૂંટણી પરિણામોમાં મહત્વની પૂરવાર થઈ છે. તેમણે કાર્યકર્તાઓના પ્રશિક્ષણ પર વિશેષ ભાર મુકતા જણાવ્યુ હતુ કે કાર્યકર્તા એ સમાજ અને શાસનને જોડે છે તે વાત એટલી જ મહત્વની છે.



જિલ્લા પ્રમુખે જણાવ્યુ કે કાર્યકર્તાઓએ પોતાના કાયમી પ્રોફાઈલ બનાવવી જોઈએ. દરેક હોદ્દેદાર પ્રવક્તા તરીકે કામ કરે. આજથી આપણે ચૂંટણીલક્ષી કામગીરી કરવાની છે. ચૂંટણી પહેલા આવે કે નિર્ધારીત સમયે આપણે આગામી દિવોસમાં મહેનતપૂર્વ કામ કરીએ. પેઝ પ્રમુખ બનાવીએ સરકારના સેવાસેતુ કાર્યક્રમની સફળતા થકી દરેક પ્રજાજન સુધી માહિતી જાય તેવુ આયોજન કરવુ. ૨૩મી તારીખે મહેસાણા ખાતે શહિદ દિન નિમિત્તે વધુમાં વધુ આપણા જિલ્લાના યુવાનો જોડાય તેવા પ્રયત્નો આપણે કરવાના છે.

પ્રદેશોમાંથી આવેલા વિસ્તારક રાજુભાઈ શુક્લાએ જણાવેલ કે આપણે આજે ભારતમાં ૫૯ ટકા વિચારધારા આવી પહોંચી છે. ઉત્તર પ્રદેશની ચૂંટણી કેવી રીતે જીત્યા તે વિશે વાત કરતા શુકલાએ જણાવ્યું કે ત્યાં પણ પૂર્ણ સમય કાર્યકર્તા કામે લાગ્યા હતા. પ્રશિક્ષણ શિબિરોને કારણે કાર્યકર્તાનું ઘડતર થાય છે. ભારતીય જનતા પાર્ટી કર્મઠ કાર્યક્રમોની પાર્ટી છે. અંતમાં આભારવિધિ મહામંત્રી આઈ.બી. વાઘેલાએ કરી હતી.

